RESEARCH REVIEW JOURNALS
Volume-04
Issue-06
June-2019

ISSN: 2455-3085 (Online)
RESEARCH REVIEW International Journal of Multidisciplinary
www.rrjournals.com[UGC Listed Journal]

# બાળમજૂરીના કારણો એક અભ્યાસ

Dr. N R Shah

*Asst. Professor, Dept. of Economics, Saurashtra University, Rajkot-360005 (India)*

---

સંસ્કૃત સમાજમાં બાળકલ્યાણને અગ્રતા અપાવી જોઈએ, કારણ કે આખા સમાજનું કલ્યાણ, તેનો વિકાસ અને પ્રગતિ તેનાં બાળકોની તંદુરસ્તી અને સુખાકારી પર આધારિત છે. બાળકો રાષ્ટ્રનું મહામૂલ્યધન છે અને રાષ્ટ્રની આબાદી તેનાં બાળકોનો વિકાસ અને પ્રગતિકઈ રીતે થાય છે તેના પર આધારિત છે. સમાજ કલ્યાણ માટે કહેવાય છે કે રાષ્ટ્રની શારીરિક અને માનસિક તંદુરસ્તી તેનું શરૂઆતમાં કઈ રીતે ઘડતર કરવામાં આવે છે, તેના ઉપર નિર્ભર છે.

બાળમજૂરી એ ભારતીય સમાજની અત્યંત ગંભીર અને કરુણ સમસ્યા છે. બાળકો તેના બાળકલ્યાણમાં શાળામાં કે રમતનાં મેદાનમાં હોવું જોઈએ તેના બદલે થોડા પૈસા કમાવા માટે તેને કારખાનામાં, ઉદ્યોગ કે ફેકટરીમાં, લારી ગલ્લાં પર, ખેતરોમાં, કોટેલોમાં કે ઘર ઘાટીકામમાં જોડાઈ જવું પડતું હોય તે સમાજ તથા સરકાર માટે શરમજનક ઘટના ગણાવી જોઈએ.

**બાળમજૂરીનો અર્થ :**

બાળમજૂરીની વ્યાખ્યા અંગે સંપૂર્ણ સહમતી હજુ પ્રવર્તતી નથી. સંપૂર્ણ વિકસિત અને સ્વસ્થ સમાજ માટે તો તેનાં બાળકોને વિકાસની તક અઢાર કે વીસ વર્ષની સુધી મળે તે જ ઉચિત છે. ભારતીય સંસ્કૃતિ પ્રમાણે પણ પહેલા પચ્ચીસ વર્ષ બ્રહ્મચર્યાશ્રમ ગણી તેને જ્ઞાનઉપાસના માટે રાખવામાં આવ્યા છે. આ છતાં હાલ વિકાસના ક્રમમાં પાછળ રહી ગયેલાં રાષ્ટ્રો આટલી ધીરજ ધરી શકે તેવું વાતાવરણ નથી તે બાબત ધ્યાનમાં લઈને અને રાષ્ટ્રના બંધારણે જે શિક્ષણની ફરજિયાત જોગવાઈ કરી છે. તેની સાથે સુસંગત રહીને, જણાવી શકાય કે ૧૪ વર્ષની ઉંમર સુધી બાળકોને મજૂરી કરવાની ફરજ પાડવી ન જોઈએ. જે કોઈ બાળક ચૌદ વર્ષથી નીચેની ઉંમરે કામ કરતો હોય તે બાળ મજૂર ગણાય.

મુસ્તફા અને શર્મા બાળમજૂરનો અર્થ આપતા જણાવે છે કે સામાન્ય રીતે ૧–૧૫ વર્ષથી ઓછી ઉંમરની વ્યકિત કુટુંબની અંદર કે બહાર કોઈ ઉત્પાદક પ્રવૃત્તિમાં સવેતનીય કે અવેતનીય કામ કરતી હોય ત્યારે તેવી વ્યકિત ને બાળમજૂર કહેવાય. બાળમજૂરોને પુખ્તવયી મજૂરથી ઉંમરની દષ્ટિએ ભિન્ન પાડવામાં આવે છે. સામાન્ય રીતે બાળમજૂર એ ૧૪ કે ૧૫ વર્ષથી ઓછી ઉંમર ધરાવતી એવી વ્યકિત (છોકરો અગર છોકરી) છે, જે કુટુંબમાં કે કુટુંબ બહાર સવેતનીય કે અવેતનીય ઉત્પાદક પ્રવૃત્તિમાં જોડાયેલી હોય છે. મુસ્તફાની આ વ્યાખ્યાના સંદર્ભમાં એ સ્પષ્ઠટતા કરવી જરૂરી છે કે ૧૪–૧૫ વય સુધીની ઉંમરવાળા આ બાળકો શાળાએ જતા હોય અને ઘરની અંદર જ ચાલતી વ્યાવસાયિક કે આર્થિક પ્રવૃત્તિમાં જોડાયેલા હોય તો ભલે તેઓને તેમના કામ બદલ કોઈ વેતન મળતું નથી, છતાં તેઓ પોતાની ભણવાની પ્રવૃત્તિ છોડીને ઘરમાં જ આર્થિક પ્રવૃત્તિ કરતાં હોવાથી તેમને બાળમજૂરો કહી શકાય.

- **આંતરરાષ્ટ્રીય મજૂરસંગઠન** (International Labour Organization) ની વ્યાખ્યા મુજબ બાળમજૂરોમાં એવા બાળકોનો સમાવેશ થાય છે જેઓ કાચી ઉંમરે પુખ્ત ઉંમરના 'માણસ જેવું જીવે છે, ઓછી રોજીથી વધુ કલાકો સુધી એવી પરિસ્થિતિમાં કામ કરે છે. જે તેમના (એટલે કે બાળકોના) આરોગ્ય અને શારીરિક માનસિક વિકાસને નુકશાન કરે છે. કેટલીક વખત આવા બાળકો તેમના કુટુંબથી વિખૂટા પડે છે અને ઘણા ખરા કિસ્સામાં ઉજ્જવળ ભવિષ્ય માટે જરૂરી એવી અર્થપૂર્ણ શિક્ષણ અને તાલીમની તકથી વંચિત રહેવું પડે છે.
- **એક સમસ્યારૂપ પરિસ્થિતિ** તરીકે બાળમજૂરનો અર્થ સ્પષ્ટ કરતા કહી શકાય કે બાળકોના શારીરિક, માનસિક, નૈતિક, ભાવાત્મક અને સામાજિક વિકાસમાં હાનિકર્તા નુકશાનકારક હોય એવા વ્યાવસાયમાં કામ કરતાં ૫ થી ૧૪ વર્ષની ઉંમર સુધીના બાળકો એટલે બાળમજૂરો. વ્યકિત તરીકે આવા બાળકોને બાળમજૂરો કહેવાય અને તેઓની વ્યાવસાયિક કે આથિ્ક પ્રવૃત્તિને બાળમજૂરી કહેવાય.

આ અભ્યાસમાં સ્વરોજગારી ક્ષેત્રે કામ કરતાં ૧૪ વર્ષની નીચેની ઉંમરના બાળકોને પણ બાળમજૂરના અર્થમાં ગણેલ છે.

**➢ સંશોધન પદ્ધતિ:**

કોઈપણ સંશોધનની સફળતા માટે સંશોધન પદ્ધતિ ખૂબ ઉપયોગી છે. આ સંશોધન પદ્ધતિ દ્વારા જ સંશોધન કરી શકાય છે. આ અભ્યાસ માટે અનેક પ્રકારના આંકડાઓ અને વિગતોની જરૂર પડે છે. બાળમજૂરી કરાવવી એ ગેરકાયદેસર છે. જેથી ગૌણ માહિતી સરકારી કચેરીઓ કે અન્ય સંસ્થાઓમાં સંપૂર્ણપણે મળવી મુશ્કેલ છે. જેથી આ સંશોધન માટે પ્રાથમિક માહિતી ખૂબ જ અગત્યની છે.

અમદાવાદ શહેરના કેટલાક વિસ્તારોમાં અસંગઠિત વિભાગમાં કામ કરતા બાળમજૂરોનો આર્થિક તેમજ સામાજિક અભ્યાસ કરવા માટે ગૌણ માહિતી, સમાચારપત્રો, સામાયિક અને થયેલ સંશોધનના આધારે માહિતી એકઠી કરી અમદાવાદ શહેરના આઠ વિસ્તારોના ૨૫૦ બાળમજૂરોનો અભ્યાસ કરવા પ્રશ્નાવલી તૈયાર કરી પ્રાથમિક માહિતી એકઠી કરીને સંશોધન કરેલ છે.

આ સંશોધન પેપર અમદાવાદ શહેરના કેટલાક વિસ્તારોમાં અસંગઠિત વિભાગમાં કામ કરતા બાળમજૂરોનો આર્થિક તેમજ સામાજિક અભ્યાસ- અંગેના મારા મહાશોધ નિબંધમાથી એકમ

RRIJM 2015, All Rights Reserved 

અભ્યાસ દ્વારા બાળમજૂરીના કારણો અંગે મેળવેલ માહિતીને આધારે રજુ કરવામા આવ્યો છે.

**બાળમજૂરીના કારણો :**

ભારતમાં વ્યાપક પ્રમાણમાં બાળમજૂરી પ્રવર્તે છે. દેશમાં બાળમજૂરોની કુલ સંખ્યાના અંદાજોમાં ઘણી વિવિધતા જોવા ળે છે, તેથી તેની ચોક્કસ સંખ્યા કહેવી મુશ્કેલ છે. પરંતુ જુદા જુદા અંદાજો પરથી એટલું તો સ્પષ્ટ થાય છે જ કે દેશમાં બાળમજૂરોની સંખ્યા ઘણી વિશાળ છે.

બધી સમસ્યાઓની જેમ બાળમજૂરી પણ એક સમસ્યા છે અને અન્ય સમસ્યાઓનાં જેમ અનેક કારણો હોય છે તેમ બાળમજૂરીના પણ અનેક કારણો છે. આથી કોઈ એક ચોક્કસ કે પરિસ્થિતિ પર આંગળી મૂકીને કહી શકાય નહીં કે બાળમજૂરી માટે ખાસ આ કારણ જવાબદાર છે. બાળમજૂરીનાં કારણો જટિલ અને પરસ્પર સંબંધિત છે.

**ઉત્તરદાતા બાળકામદારોનું જાતિવાર વર્ગીકરણ દર્શાવતું કોષ્ટક**

| વિગત | પુરુષ | | સ્ત્રી | |
|---|---|---|---|---|
| | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા |
| અગબત્તી વણનાર | ૩૭ | ૧૭.૨૯ | ૧૩ | ૩૬.૧૧ |
| ભરતગૂંથણ કરનાર | ૨૫ | ૧૧.૬૮ | – | – |
| ગેરેજમાં કામ કરનાર | ૨૫ | ૧૧.૬૮ | – | – |
| ચા કીટલી રેસ્ટોરન્ટમાં કામ કરનાર | ૫૦ | ૨૩.૩૬ | – | – |
| બૂટ પોલીસ કરનારા | ૫૦ | ૨૩.૩૬ | – | – |
| કચરો વિણનાર | ૨૭ | ૧૨.૬૨ | ૨૩ | ૬૩.૮૯ |
| કુલ | ૨૧૪ | ૧૦૦ | ૩૬ | ૧૦૦% |

કોષ્ટક નં. ૧માં ઉત્તરદાતા બાળકામદારોનું જાતીવાર પ્રમાણ દર્શાવતી માહિતી બતાવવામાં આવી છે. જે મુજબ જોઈ શકાય છે કે કુલ ૨૫૦ ઉત્તરદાતા બાળકામદારો પૈકી ૨૧૪ પુરુષ બાળકામદારો છે. જે પૈકી સૌથી વધુ પુરુષ ઉત્તરદાતા બાળકામદારોનું પ્રમાણ ચાની કીટલી– રેસ્ટોરન્ટમાં કામ કરનારા તેમજ બૂટપોલિશ કામ કરનારાઓમાં એક સરખું એટલે કે બંનેમાં ૨૩.૩૬ ટકા જોવા મળેલ છે. જ્યારે અગરબત્તી વણનારા ઉત્તરદાતા બાળકામદારોમાં આ પ્રમાણ ૧૭.૨૯ ટકા અને ભરતગૂંથણનું કામ કરનાઓમાં આ પ્રમાણ ૧૧.૬૮ ટકા તેમજ ગેરેજમાં કામ કરનારાઓમાં પણ ૧૧.૬૮ ટકા ઉત્તરદાતા બાળકામદારો પુરુષ જાતિના જોવા મળેલ જ્યારે કચરો વિણનારા ઉત્તરદાતા બાળકામદારોમાં પુરુષ બાળકામદારોનું પ્રમાણ ૧૨.૬૨ ટકા જોવા મળેલ. આ અભયાસમાં અભ્યાસિત કુલ ઉત્તરદાતા બાળકામદારો પૈકી સ્ત્રી ઉત્તરદાતા બાળકામદારોનું પ્રમાણ ઘણું ઓછું એટલે કે ૩૬નું જોવા મળેલ છે. જે પૈકી સૌથી વધુ સ્ત્રી ઉત્તરદાતા બાળકામદારોનું પ્રમાણ કચરો વિણનારા ઉત્તરદાતા બાળકામદારોમાં હતું જે ૬૩.૮૯ ટકા જોવા મળેલ જ્યારે અગરબત્તી વણવાના કામમાં સ્ત્રી ઉત્તરદાતા બાળકબામદારોનું પ્રમાણ ૩૬.૧૧ ટકા જોવા મળેલ. આ બંને વિભાગ સિવાય બાકીના અભ્યાસિત વિભાગોમાં સ્ત્રી ઉત્તરદાતા બાળકામદારોનું કોઈ જ પ્રમાણ અભ્યાસમાં જોવા મળેલ નથી. આમ અભ્યાસમાં જોઈ શકાય છે કે સૌથી વધુ પુરુષ ઉત્તરદાતા બાળકામદારો છે જ્યારે સ્ત્રી ઉત્તરદાતા બાળકામદારોનું પ્રમાણ સૌથી ઓછું છે.

**ઉત્તરદાતા બાળકામદારોનું વયજૂથ પ્રમાણે વર્ગીકરણ દર્શાવતું કોષ્ટક**

| વિગત | ૦–૫ | ૫–૧૦ | ૧૦–૧૪ | કુલ | ટકા |
|---|---|---|---|---|---|
| કચરો વિણનાર | – | ૪<br>(૧.૬) | ૨૧<br>(૮.૪) | ૨૫ | ૧૦ |
| ચા કીટલી રેસ્ટોરન્ટમાં કામ કરનાર | – | ૧૧<br>(૪.૪) | ૩૯<br>(૧૫.૬) | ૫૦ | ૨૦ |
| અગબત્તી વણનાર | – | ૧૪<br>(૫.૬) | ૩૬<br>(૧૪.૪) | ૫૦ | ૨૦ |
| બૂટ પોલીસ કરનારા | – | ૮<br>(૩.૨) | ૧૭<br>(૬.૮) | ૨૫ | ૧૦ |
| ગેરેજમાં કામ કરનાર | – | ૧૮<br>(૭.૨) | ૩૨<br>(૧૨.૮) | ૫૦ | ૨૦ |
| ભરતગૂંથણ કરનાર | – | ૧૩<br>(૫.૨) | ૩૭<br>(૧૪.૮) | ૫૦ | ૨૦ |
| કુલ | – | ૬૮ | ૧૮૨ | ૨૫૦ | ૧૦૦ |
| ટકા | – | ૨૭.૨ | ૭૨.૮ | ૧૦૦ | – |

RRIJM 2015, All Rights Reserved 

કોષ્ટક નં. ૨ ઉત્તરદાતા બાળકામદારોનું વયજૂથ પ્રમાણે વર્ગીકરણ દર્શાવે છે. જે મુજબ કુલ ૨૫૦ ઉત્તરદાતા બાળકામદારો પૈકી ૦ થી ૫ વર્ષની વયજૂથમાં એક પણ ઉત્તરદાતા બાળકામદારનો સમાવેશ થતો નથી. જ્યારે ૫ થી ૧૦ ના વયજૂથમાં કુલ ઉત્તરદાતા બાળકામદારો પૈકી ૨૭.૨ ટકા ઉત્તરદાતા બાળકામદારો છે. જે અભ્યાસ કરેલ વિવિધ બાળમજૂરીના પ્રકારો પૈકી આ વયજૂથમાં (૫ થી ૧૦) સાથી વધુ કચરો વિણનારા ઉત્તરદાતા બાળકામદારોનું પ્રમાણ જે ૭.૨ ટકા છે. જ્યારે આ જ વયજૂથમાં કુલ ૨૭.૨ ટકા પૈકી સૌથી ઓછું પ્રમાણ ગેરેજમાં કામ કરતા ઉત્તરદાતા બાળકામદારોનું છે જે ૧.૬ ટકા થવા જાય છે. આ જ પ્રમાણ ૧૦ થી ૧૪ વર્ષના વયજૂથમાં ૭૨.૮ ટકા ઉત્તરદાતા બાળકામદારો જોવા મળે છે જે બતાવે છે કે વિવિધ ૦ થી ૧૪ વર્ષની નીચેના વિવિધ વયજૂથોમાં ૧૦ થી ૧૪ના વયજૂથમાં વધુ પ્રમાણમાં બાળમજૂરો જોવા મળે છે. આ જ વયજૂથમાં અભ્યાસિત વિવિધ બાળમજૂરીના પ્રકારો પૈકી અગરબત્તી વણનારા ઉત્તરદાતા બાળકામદારોનું પ્રમાણ ૧૫.૬ ટકા છે. જ્યારે સૌથી ઓછું પ્રમાણ ભરતગૂંથણનું કામ કરનારા ઉત્તરદાતા બાળકામદારોનું છે જે ૬.૮ ટકા થવા જાય છે. આમ સંશોધનમાં જોઈ શકાય છે કે ૦–૫ ના વયજૂથમાં બાળમજૂરીનું પ્રમાણ શૂન્ય છે જ્યારે ૫ થી ૧૦ ના વયજૂથમાં બાળમજૂરીનું પ્રમાણ ૨૭.૨ ટકા છે જ્યારે ૧૦ થી ૧૪ના વયજૂથમાં બાળમજૂરીનું પ્રમાણ સૌથી વધુ ૭૨.૮ ટકા જેટલું છે.

➢ **બાળમજૂરીના કારણો :**

બાળમજૂરી માટે અનેક કારણો જવાબદાર છે. બાળમજૂરી માટેના જવાબદાર આર્થિક–સામાજિક અને પરંપરાગત એવા વિવિધ પ્રકારના કારણો છે. આ એકમલક્ષી અભ્યાસમાં બાળમજૂરીના જે કારણો જાણવા મળેલ છે તેની માહિતી નીચે પ્રમાણે છે.

**ઉત્તરદાતા બાળકામદારોમાં બાળમજૂરીના કારણો દર્શાવતું કોષ્ટક**

| વિગત | મા–બાપના કહેવાથી | પોતાના ખર્ચા પૂરા કરવા | અભ્યાસમાં મન ન ચોટતું હોવાથી | નાપાસ થવાથી | મિત્રો મજૂરીએ જાય છે એટલે | ગરીબીના કારણે | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| અગબત્તી વણનાર | ૨૦ (૨.૪૩) | ૪૮ (૫.૮૩) | ૯ (૧.૦૯) | ૫ (૦.૬૧) | ૩૪ (૪.૧૩) | ૪૨ (૫.૧૦) | ૧૫૮ (૧૯.૭૧) |
| કચરો વિણનાર | ૪૫ (૫.૪૬) | ૩૨ (૩.૮૮) | ૧૪ (૧.૭૦) | ૧૧ (૧.૩૩) | ૩૦ (૩.૬૪) | ૩૨ (૩.૮૮) | ૧૬૪ (૧૯.૯૦) |
| બૂટ પોલીસ કરનારા | ૩૨ (૩.૮૮) | ૩૯ (૪.૭૩) | ૧૧ (૧.૩૩) | ૦૯ (૧.૦૯) | ૨૮ (૩.૪૦) | ૩૮ (૪.૬૧) | ૧૫૭ (૧૯.૦૫) |
| ચા કીટલી રેસ્ટોરન્ટમાં કામ કરનાર | ૪૦ (૪.૮૫) | ૨૨ (૪.૬૧) | ૧૦ (૧.૨૧) | ૨૦ (૨.૪૩) | ૨૨ (૨.૬૭) | ૪૦ (૪.૮૫) | ૧૭૦ (૨૦.૬૩) |
| ભરતગૂંથણ કરનાર | ૧૯ (૪.૧૭) | ૧૪ (૩.૧૨૫) | ૫ (૩.૯૬) | ૧૧ (૧.૩૩) | ૧૨ (૧.૪૬) | ૨૦ (૨.૭૯) | ૭૯ (૧૦.૧૯) |
| ગેરેજમાં કામ કરનાર | ૨૨ (૨.૬૭) | ૧૮ (૨.૧૮) | ૧૦ (૧.૨૧) | ૧૦ (૧.૨૧) | ૭ (૦.૮૫) | ૨૪ (૨.૯૧) | ૯૧ (૧૧.૦૮) |
| કુલ | ૧૭૮ | ૧૮૯ | ૫૯ | ૬૬ | ૧૩૩ | ૧૯૯ | ૮૨૪ |
| ટકા | ૨૧.૬૦ | ૨૨.૬૪ | ૭.૬૧ | ૮.૦૧ | ૧૬.૧૪ | ૨૪.૧૫ | ૧૦૦ |

કોષ્ટક નં. ૩ માં ઉત્તરદાતા બાળમજૂરો કયા કારણોસર બાળમજૂરી કરે છે તેની માહિતી બતાવવામાં આવી છે. જે મુજબ કુલ ૨૫૦ ઉત્તરદાતા બાળમજૂરો પૈકી કુલ ૨૧.૬૦ ટકા ઉત્તરદાતા બાળમજૂરો મા–બાપના કહેવાથી બાળમજૂરીમાં જોડાય છે. મા–બાપના કહેવાથી બાળમજૂરી કરનારા ઉત્તરદાતા બાળકામદારોનું જુદા જુદા અભ્યાસિત વિભાગોમાં પ્રમાણ બતાવતા કહી શકાય કે આ કારણથી બાળમજૂરી કરતા ઉત્તરદાતા બાળકામદારોનું સૌથી વધુ પ્રમાણ કચરો વિણનાર ઉત્તરદાતા બાળકામદારોમાં છે. જે ૫.૪૬ ટકા અભ્યાસમાં જોવા મળેલ છે. જ્યારે આ જ કારણથી બાળમજૂરી કરતાં ઉત્તરદાતા બાળકામદારોનું સૌથી ઓછું પ્રમાણ ભરતગૂંથણ કરનારા ઉત્તરદાતા બાળકામદારોમાં છે. જે ૨.૩૧ ટકા જોવા મળેલ. જ્યારે અન્ય વિભાગો પૈકી અગરબત્તી વણનારાઓમાં ૨.૪૩ ટકા, બૂટપોલિશ કરનારાઓમાં ૩.૮૮ ટકા, ચાની કીટલી–રેસ્ટોરન્ટમાં કામ કરતા બાળકામદારોમાં ૪.૮૫ ટકા અને ગેરેજમાં કામ કરતાં ઉત્તરદાતા બાળકામદારોમાં આ પ્રમાણ ૨.૬૭ ટકા અભ્યાસમાં જોવા મળેલ. આ જ રીતે પોતાના ખર્ચા પૂરા કરવાના કારણથી બાળમજૂરી કરતાં ઉત્તરદાતા બાળમજૂરી કરતાં ઉત્તરદાતા બાળમજૂરોનું કુલ પ્રમાણ ૨૨.૯૪ ટકા જોવા મળેલ જેમાં સૌથી વધુ પ્રમાણ અગરબત્તી વણનારા બાળકામદારોમાં જોવા મળેલ જે ૫.૮૩ ટકા છે. જ્યારે આ કારણનું સૌથી ઓછું પ્રમાણ ભરતગૂંથણ કરનારા ઉત્તરદાતા બાળકામદારોમાં જોવા મળેલ જે પ્રમાણ ૧.૭૦ ટકા છે. જ્યારે અન્ય વિભાગો પૈકી બૂટપોલિશ કરનારાઓમાં આ પ્રમાણ ૪.૭૩ ટકા, કચરો વિણનારાઓમાં ૩.૮૮ ટકા, ચાની કીટલી–રેસ્ટોરન્ટમાં ૪.૬૧ ટકા અને ગેરેજમાં કામ કરનારા ઉત્તરદાતા બાળકામદારોમાં આ પ્રમાણ ૨.૧૮ ટકા જોવા મળેલ છે. આ અભયાસમાં એમ પણ જાણવા મળેલ કે અભ્યાસમાં મન ચોટતું ન હોવાથી બાળમજૂરી કરતાં ઉત્તરદાતા બાળમજૂરોનું કુલ પ્રમાણ ૭.૧૬ ટકા છે. આ કારણ કચરો વિણનારા ઉત્તરદાતા બાળકામદારોમાં સૌથી વધુ પ્રમાણમાં જોવા

RRIJM 2015, All Rights Reserved

મળેલ છે જે ૧.૭૦ ટકા હતું. જ્યારે ભરતગૂંથણ કરનારા ઉત્તરદાતા બાળકામદારોમાં આ પ્રમાણ સૌથી ઓછું જવાબદાર હતું. જે ૦.૬૧ ટકા જોવા મળેલ. આ કારણનું અન્ય વિભાગો પૈકી અગરબત્તી વણનારાઓમાં ૧.૦૯ ટકા બૂટપોલિશ કરનારાઓમાં ૧.૩૩ ટકા, ચાની કીટલી–રેસ્ટોરન્ટમાં કામ કરનારાઓમાં ૧.૨૧ ટકા જ્યારે ગેરેજમાં કામ કરનારાઓમાં આ કારણે જવાબદાર હોવાનું પ્રમાણ ૧.૨૧ ટકા જોવા મળેલ. આ અભયાસમાં નાપાસ થવાને કારણે બાળમજૂરી કરતા ઉત્તરદાતા બાળકામદારોનું કુલ પ્રમાણ ૮.૦૧ ટકા છે. જેમાં સૌથી વધુ પ્રમાણ ચાની કીટલી–રેસ્ટોરનટમાં કામ કરનારાઓમાં છે જે ૨.૪૩ ટકા જોવા મળેલ. જ્યારે સૌથી ઓછું પ્રમાણ અગરબત્તી વણનારાઓમાં જે ૦.૬૧ ટકા હતું. આ જ રીતે બૂટપોલિશ કરનારાઓમાં આ કારણો જવાબદાર હોવાનું કારણ ૧.૦૯ ટકા, કચરો વિણનારાઓમાં ૧.૩૩ ટકા, ભરતગૂંથણ કરનારાઓમાં ૧.૩૩ ટકા, જ્યારે ગેરેજમાં કામ કરનારાઓમાં આ પ્રમાણ ૧.૨૧ ટકા જોવા મળેલ. આ અભ્યાસમાં કેટલા ઉત્તરદાતા બાળકામદારો પોતાના મિત્રો મજૂરીએ જાય છે તે કારણથી તે બાળમજૂરી કરે છે તેવું પણ જણાવેલ. આમ પોતાના મિત્રો મજૂરીએ જાય છે તે કારણથી ઉત્તરદાતા બાળકામદારો મજૂરી કરતા હોય તેમનું કુલ પ્રમાણ ૧૬.૪૧ ટકા જોવા મળેલ. આ કારણથી મજૂરી કરતાં બાળકામદારોનું સૌથી વધુ પ્રમાણ અગરબત્તી વણનારા ઉત્તરદાતા બાળકામદારોમાં છે જે પ્રમાણ ૪.૧૩ ટકા છે. જ્યારે આજ કારણનું સૌથી ઓછું પ્રમાણ ધરાવતું વિભાગ ગેરેજમાં કામ કરતા ઉત્તરદાતા બાળકામદારોનો છે જેમનું પ્રમાણ ૦.૮૫ ટકા જોવા મળેલ. આ કારણનું બૂટપોલિશ કરનારાઓમાં ૩.૪૦ ટકા, કચરો વિણનારાઓમાં ૩.૬૪ ટકા, ચાની કીટલી–રેસ્ટોરન્ટમાં કામ કરનાઓમાં ૨.૬૭ ટકા જ્યારે ભરતગૂંથણનું કામ કરનારાઓમાં ૧.૪૬ ટકા જોવા મળેલ. આ અભ્યાસમાં એ પણ જાણવા મળેલ કે ગરીબી અને બાળમજૂરી વચ્ચે એક પ્રકારનું ગઠબંધન છે જેના પરિણામ સ્વરૂપે આ અભયાસમાં ગરીબીના કારણે બાળમજૂરી કરતાં ઉત્તરદાતા બાળકામદારોનું કુલ પ્રમાણ બીજા તમામ કારણો કરતા સૌથી વધુ એટલે કે ૨૪.૧૫ ટકા જોવા મળેલ. ગરીબીના કારણે બાળમજૂરી કરતાં ઉત્તરદાતા બાળકામદારોનું સૌથી વધુ પ્રમાણ અગરબત્તી વણનારા ઉત્તરદાતા બાળકામદારોમાં છે. જે પ્રમાણે ૫.૧૦ ટકા જોવા મળેલ જ્યારે ગરીબીના કારણે બાળમજૂરી કરતાં સૌથી ઓછા ઉત્તરદાતા બાળકામદારોનું પ્રમાણ ભરતગૂંથણ કરનારાઓમાં જોવા મળેલ જે પ્રમાણ ૨.૭૯ ટકા હતું. આ સાથે બૂટપોલિશ કરનારાઓમાં ગરીબીને કારણે ૩.૮૮ ટકા, ચાની કીટલી રેસ્ટોરન્ટમાં કામ કરનારાઓમાં ગરીબીને કારણે ૪.૮૫ ટકા, જ્યારે ગેરેજમાં કામ કરનારાઓમાં ગરીબીને કારણે બાળમજૂરી કરતાં ઉત્તરદાતા બાળકામદારોનું પ્રમાણ ૨.૯૧ ટકા જોવા મળેલ. આમ આ અભ્યાસમાં જાણવા મળેલ કે બાળમજૂરી માટે ઉપરોકત વિવિધ કારણો જવાબદાર છે. જે પૈકી ગરીબીના કારણો સૌથી વધુ એટલે કુલ ૨૪.૧૫ ટકા ઉત્તરદાતા બાળકામદારો બાળમજૂરી કરે છે. જ્યારે બીજા નંબરનું વધુ જવાબદાર કારણ પોતાના ખર્ચા પૂરા કરવાનું જાણવા મળેલ છે. જે પ્રમાણે ૨૨.૯૪ ટકા ટકા જાણવા મળેલ. જ્યારે મા–બાપના કહેવાથી બાળમજૂરી કરતા હોય તેવા ઉત્તરદાતા બાળકામદારોનું પ્રમાણ ૨૧.૬૦ ટકા, પોતાના મિત્રો મજૂરીએ જાય છે એ કારણથી બાળમજૂરી કરતાં હોય તેવા ઉત્તરદાતા બાળકામદારોનું પ્રમાણ ૧૬.૧૪ ટકા જોવા મળેલ. જ્યારે અભ્યાસમાં મન ચોટતું ન હોવાથી તેમજ નાપાસ થવાના કારણે બાળમજૂરી કરતા હોય તેવા ઉત્તરદાતા બાળકામદારોનું પ્રમાણ અનુક્રમે ૭.૧૬ ટકા અને ૮.૦૧ ટકા જોવા મળેલ.

## સંદર્ભો:


1. શાહ એ.જી. અને જે.કે. દવે, સામાજિક સમસ્યાઓ, અનડા પ્રકાશન, અમદાવાદ
2. Mustafa & Sharma, Child Labour in India, A Bitter truth,Deep & Deep Publications, New Delhi
3.Report : National Commissions on Labour, 2002-1991-1967;
4. શાહ એ. જી. અને જે. કે. દવે, સામાજિક કલ્યાણ અને સામાજિક કાનૂનીકરણ, અનડા પ્રકાશન, અમદાવાદ.